Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

98

# અમદાવાદ ગ્રામિણ વિસ્તારની માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સામાજિક સમાયોજન

**ચંન્દ્રકાંત મહાદેવભાઈ સતાપરા**

રીસર્ચ સ્કોલર, મનોવિજ્ઞાન, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

માર્ગદર્શક

**ડો. ગૌત્તમ સોલંકી**

અસિસ્ટન્ટ પ્રોફેસર, મનોવિજ્ઞાન, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સારાંશ**

સમાયોજન પ્રત્યે માર્ગદર્શન આપતા ડો. ગૌત્તમ સોલંકી જણાવે છે, 'સમાયોજન એ એક વખતની ઘટના નથી પરંતુ જીવનની વધઘટનો સામનો કરીને શીખવાની, વિકસિત થવાની અને સંતુલન શોધવાની સતત સફર છે'. આમ, સામાજિક સમાયોજનને તપાસવા પ્રસ્તુત સંશોધનમાં ડો. આર. સી. દેવા રચિત સામાજિક સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નેશનલ સાયકોલોજીકલ કોર્પોરેશાન આગ્રા ૨૦૦૪ પ્રકાશિત કરેલ છે. જેના માટે અમદાવાદના ગ્રામિણ વિસ્તારની માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિકમાંથી ૬૦ છોકરાઓ અને ૬૦ છોકરીઓ દ્વારા ઉત્તરો મેળવવામાં આવ્યા છે.

**ચાવીરૂપ શબ્દો:** માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાલા, વિદ્યાર્થીઓ, સામાજિક સમાયોજન, ગ્રામિણ અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

આજનો યુગ ચિંતા, જટિલતા અને પરિવર્તનનો યુગ છે. આજના યુગમાં માનવી પ્રાણીઓની સારખામણીમાં ખૂબ જ ઝડપથી પોતાના જીવનના વિવિધ ક્ષેત્રોમાં વિકાસ સાધી રહ્યો છે. તેથી ટેક્નોલોજીના ઝડપી વિકાસમાં માહિતીના વિચારના જ્ઞાનના પ્રસારમાં જીવનની સુખદ પળોમાં નવરાશના સમયમાં વધારો થયો

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

છે. આ કારણોથી સતત બદલાતા જતા, પડકારરૂપ વાતાવરણમાં કેવું વર્તન કરવું તે માનવી નક્કી કરે શકતો નથી.

માનવીએ પોતાની ભૌતિક મનોવૈજ્ઞાનિક, સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ સાથે અનુકૂલિત બનાવવાનું હોય છે. માનવીએ પોતાની મનોવૈજ્ઞાનિક જરૂરિયાત પ્રેમ, સ્નેહ તથા સામાજિક જરૂરિયાતો સંતોષવાની હોય છે. આ જરૂરિયાતના સંતોષ માટે બાહ્યગત્યાત્મક જગતમાં સમાયોજન સાધવું પડે છે. આથી સમયોજન એક સતત પ્રક્રિયા બની રહે છે. વ્યક્તિએ પોતાના જીવનમાં વિશેષ કરીને પોતાના કુટુંબ, સમાજ, શાળા અને વ્યવસાય વગેરે ક્ષેત્રે સમાયોજન સાધવું પડે છે.

'જો વ્યક્તિ પોતાની દૃષ્ટ્રિ છોડી બીજાની દૃષ્ટ્રિએ જુએ તો જગતના અડધા દુ:ખ શાંત થઈ જાય છે.' આ સોનેરી વાક્યો જો પોતાના જીવનમાં ઉતારે તો તેના જીવનમાં કદી દુ:ખ રહે જ નહી.

**૨. સમાયોજનની વ્યાખ્યા**

સમાયોજનનો આધાર વ્યક્તિની રચના, વાતાવરણ અને તે બંનેની આંતરક્રિયામાંથી ઉત્પન્ન પરિસ્થિતિ ઉપર છે. આ બાબતોનો ખ્યાલ અને સમાયોજન સાથે સંબંધિત અન્ય વિવિધ બાબતનો ખ્યાલ વિવિધ વ્યાખ્યાઓ તપાસવાથી મળે છે.

- **બેરીંગ લેગ ફ્રેલ્ડ,** 'પોતાની અંદર કે વાતાવરણમાં પરિવર્તન થતાં વર્તન કરવાની રીતમાં પરિવર્તન કરવું તે સમાયોજન'
- **ઈસ્ટવર્ડ એટવોટર,** 'સમાયોજન આપતી જરૂરિયાતોને સંતોષવા માટે આપતી માંગોને પહોંચી વળવા માટે તેમજ અન્ય સાથે સંતોષ કારક સંબંધો માટે આપણામાં અને આપણા વાતાવરણમાં થતા પરિવર્તનોનો નિર્દેશ કરે છે'.
- **ચંન્દ્રકાંત સતાપરા (સંશોધક),** 'વ્યક્તિગત વિકાસ અને સુખાકારીના સંદર્ભમાં સમાયોજન એ બદલાતા સંજોગો અને પડકારોના પ્રતિભાવમાં વ્યક્તિના વિચારો, વર્તન અને વલણને અનુકૂલિત કરવાની ચાલુ પ્રક્રિયા છે'.

સમાયોજન પ્રત્યે માર્ગદર્શન આપતા **ડો. ગૌતમ સોલંકી** જણાવે છે, 'સમાયોજન એ એક વખતની ઘટના નથી પરંતુ જીવનની વધઘટનો સામનો કરીને શીખવાની, વિકસિત થવાની અને સંતુલન શોધવાની સતત સફર છે'.

આ વિવિધ વ્યાખ્યા દ્વારા સમાયોજનની પ્રક્રિયા અસર કરતા પરિબળો, તેમાં વ્યક્તિની ભૂમિકા જેવી સમાયોજન સંબંધિત વિવિધ બાબતો વિશે માહિતી મળે છે.

**૨.૧ શાળા કોલેજોમાં સમાયોજન**

બાળક શાળામાં પ્રવેશતા જ ઘરના નિયમો અને વાતાવરણને છોડીને નવી રીતે વર્તન કરતા શીખે છે. નિયમિતતા, સમય પાલન, શિષ્તતાના પ્રશ્નો, જવાબદાર વર્તન, પરિક્ષાની ચિંતા, શિક્ષાનો ભય, ભૂલી જવાનો ડર, બાળક સામે આવે છે. બાળક અન્ય શાળા કે કોલેજમાં જાય છે. ત્યારે તેના નવા મિત્રો, શિક્ષકો, ખોરાક, રહેઠાણ સામે સમાયોજન શાધવું પડે છે. આ સમાયોજનને સફળ બનાવવા વિદ્યાર્થીએ મિત્રો, માતા-પિતા, શિક્ષકો, સામાજિક સંસ્થાઓ, સલાહકારો, માર્ગદર્શક, વગેરેનો સહારો લેવો જોઈએ. આ ક્ષેત્રના સમાયોજનની સફળતા વ્યક્તિને ઉત્તમ ભાવિજીવન આપે છે અને નિષ્ફળતા, માદક પદાર્થના વ્યસની બનવા તરફ કે આત્મહત્યા જેવા આત્યાંતિક માર્ગો તરફ પણ લઈ જાય છે.

**૩. સાહિત્યની સમીક્ષા**

- **ઘનેશા મીતા એચ. (૨૦૦૩),** રાજકોટની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓના સમાયોજન અંગેના મનોવૈજ્ઞાનિક તુલનાત્મક અભ્યાસમાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીનીઓનો નિદર્શ સમાવેશ કરવામાં આવ્યું છે. જેમાંથી જાણવા મળ્યુ છે કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના સમાયોજન પર વિદ્યાશાખાની અસર પડતી નથી, ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના સમાયોજન વર્ષ પર અસર પડતી નથી.
- **પાટીલ, શીતલ (૨૦૦૫),** કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સંદર્ભમાં કરવામાં આવેલ પ્રસ્તુત અભ્યાસમા અમદાવાદની જુદી-જુદી કોલેજમાંથી યદૃચ્છ રીતે ૫૮ વિદ્યાર્થીઓનું નિદર્શ તરીકે લેવામાં આવ્યું છે. જેના તારણોમાં છોકરાઓ અને છોકરીઓના આવેગાત્મક અને સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. છોકરાઓ અને છોકરીઓના આવેગાત્મક અને સામાજિક સમાયોજન લગભગ સરખા પ્રમાણમાં જોવા મળે છે.
- **વાઢેર, ભૂમિકા સી. (૨૦૦૬),** હોસ્ટેલમાં રહીને અને ઘેર રહીને અભ્યાસ કરતી તૃતિય વર્ષ બી.એ.ની વિદ્યાર્થીનીઓના આવેગિક સમાયોજન અંગેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ પરથી જાણવા મળે છે કે હોસ્ટેલમાં રહીને અને ઘરે રહીને અભ્યાસ કરતી ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓના

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

આવેગિક ક્ષમતા પર શાખાની અસર પડે છે. હોસ્ટેલમાં રહીને અને ઘરે રહીને અભ્યાસ કરતી ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓના આવેગિક ક્ષમતા પર શાખાની અસર પડતી નથી. હોસ્ટેલમાં રહીને અને ઘરે રહીને અભ્યાસ કરતી ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓના આવેગિક સમાયોજન પર કુટુંબના પ્રકારની અસર પડતી નથી.

- **પટેલ, હેતલ એ. (૨૦૦૮).** અમદાવાદ શહેરની મ્યુનિસિપલ શાળા અને શાળાની તઅણીઓના સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ માટે મ્યુનિસિપલ શાળાની ૬૦ વિદ્યાર્થીનીઓ અને ખાનગી શાળાના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓના નિદર્શ તરીકે સમાવેશ કરાયો છે. જેનાથી જાણવા મળે છે કે સમાયોજનને ત્રણ ક્ષેત્રો જેવા કે આવેગાત્મક, સામાજિક અને શૈક્ષણિક સમાયોજનમાં મ્યુનિસિપલ શાળાની વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સાથે સાર્થક તફાવત જોવા મળે છે.

## ૪. સંશોધનના હેતુઓ

- માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજન અંગેનો અભ્યાસ કરવો
- માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓના સામાજિક સમાયોજનનો અભ્યાસ કરવો.
- માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરીઓનો સામાજિક સમાયોજન અભ્યાસ કરવો.

## ૫. સંશોધનની ઉત્કલ્પનાઓ

- માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓના સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

## ૬. નિદર્શની પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળામાંથી ધોરણ-૧૦ અને ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓના નમૂના તરીકે પસંદગી કરવામાં આવી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**નમૂના વિશેની માહિતી**

| **ક્રમ** | **શાળાનું નામ** | **વિદ્યાશાખાઓ** | **છોકરાઓ** | **છોકરીઓ** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ૧. | માધ્યમિક શાળા | માધ્યમિક | ૩૦ | ૩૦ | ૬૦ |
| ૨. | ઉચ્ચતર માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | ૩૦ | ૩૦ | ૬૦ |
| | | **કુલ** | | | **૧૨૦** |

## ૭. સંશોધન ઉપકરણ


પ્રસ્તુત અભ્યાસ ડો. આર. સી. દેવા રચિત સામાજિક સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નેશનલ સાયકોલોજીકલ કોર્પોરેશાન આગ્રા ૨૦૦૪ પ્રકાશિત કરેલ છે. આ વ્યક્તિગત માહિતીપત્રકમાં સામાન્ય રીતે વિદ્યાર્થીનું નામ, ઉંમર, જાતિ, ધોરણ, વ્યવસાય, કુટુંબની આવક વગેરે જેવી વિગતો મૂકવામાં આવી છે.

## ૮. પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓ પાસેથી સામાજિક સમાયોજન સંશોધનિકા દ્વારા મેળવેલા પ્રાપ્તાંકો પરથી આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ માટે મધ્યક, પ્રમાણિત વિચલનને તેના પરથી પ્રમાણભૂત અને ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી અને તેના આધારે સાર્થકતાની ચકાસણી કરવામાં આવી છે.

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો, મધ્યક, પ્રમાણિત વિચલન, SED, ટી-મૂલ્ય, સાર્થકતાની કક્ષા દર્શાવતી સારણી**

| ક્રમાંક | વિદ્યાશાખા | પ્રાપ્તાંકો | | | SED | ‘t’ ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| ૧ | માધ્યમિક શાળા | 60 | 107.91 | 31.80 | 5.33 | 2.33 | 0.05 |
| ૨ | ઉચ્ચતર મા. શાળા | 60 | 95.51 | 28.47 | | | |





**માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજનનો મધ્યક દર્શાવતો સ્તંભાલેખ**

પ્રસ્તુત સારણીમાં જોતા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજન પ્રાપ્તાંકોની મધ્યક માધ્યમિકમાં ૧૦૭.૯૧ અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૯૫.૫૧ છે. જ્યારે પ્રમાણિત વિચલન માધ્યમિકમા ૩૧.૮૦ અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૨૮.૪૭ છે. આ બન્ને વચ્ચે SED ૫.૩૩ છે અને તેનું ટી-મૂલ્ય ૨.૩૩ છે. જે સાર્થકતાની કક્ષાએ ૦.૦૫ ઉપર આપેલી ટેબલ કિંમત ૧.૯૮ કરતા વધારે છે. તેથી ૦.૦૫ સાર્થકતાની કક્ષાએ ટી-મૂલ્ય સાર્થક જોવા મળે છે. આથી શૂન્ય પરિકલ્પના કે જે 'માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.' તેનો અસ્વીકાર થાય છે. એટલે કે કહી શકાય કે માધ્યમિકને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિ સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે. કારણ કે આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ ઝડપી પરિવર્તનના લીધે સામાજિક સમાયોજન સાધીને પોતે પરિપક્વ છે. તેમ માનતા હોય છે, જ્યારે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પોતે માતા-પિતાના પર નિર્ભર હશે. તેમને પોતે આગળ શું કરવાનું છે. તેમના માતા-પિતા દ્વારા નક્કી કરવામાં આવતું હશે. કારણ કે માધ્યમિક પછી તેમના માટે કઈ બાબત સારી રહેશે તે તેમના માતા-પિતા દ્વારા નિર્ણય કરવામાં આવતું હશે. તેથી કહી શકાય કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કરતા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું સામાજિક સમાયોજન વધુ જોવા મળે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો, મધ્યક, પ્રમાણિત વિચલન, SED, ટી-મૂલ્ય, સાર્થકતાની કક્ષા દર્શાવતી સારણી**

| ક્રમ | વિદ્યાશાખા | પ્રાપ્તાંકો | | | SED | 't' મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| ૧ | માધ્યમિક અને ઉચ્ચતર મા. શાળાના છોકરાઓ | 60 | 108.66 | 31.17 | 5.29 | 2.63 | 0.01 |
| ૨ | માધ્યમિક અને ઉચ્ચતર મા. શાળાની છોકરીઓ | 60 | 93.76 | 30.74 | | | |




**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓના સામાજિક સમાયોજનનો મધ્યક દર્શાવતો સ્તંભાલેખ**

**પરિણામનું તારણ:**

સારણીમાં જોતા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરાઓનું સામાજિક સમાયોજન પ્રાપ્તાંકોની મધ્યક માધ્યમિકમાં 108.66 અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરીઓમાં 93.76 છે. જ્યારે પ્રમાણિત વિચલનમાધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરાઓમા 31.17 અને માધ્યમિક

અને ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરીઓમાં 30.74 છે. આ બન્ને વચ્ચે SED 5.29 છે અને તેનું ટી-મૂલ્ય 2.63 છે. જે સાર્થકતાની કક્ષાએ 0.01 ઉપર આપેલી ટેબલ કિંમત ૨.૬૨ કરતા વધારે છે. જે સાર્થક છે. આથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓના સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. શૂન્ય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ કરતા છોકરાઓ વધુ સામાજિક સમાયોજન ધરાવે છે. જેના સંભવિત કરણો એ હોઈ શકે કે સમાજમાં છોકરીઓની કૌટુંબિક જવાબદારી, કુટુંબની અપેક્ષાઓ નીતિ નિયમો બધી જ બાબતો વધુ પડતી લાગુ પાડવામાં આવતી હશે. આથી છોકરાઓ કરતા છોકરીઓને સમાયોજન કરવામાં વધુ મુશ્કેલી પડતી હશે. જ્યારે મોટા ભાગે છોકરાઓ રમત-ગમતો તેમજ વિવિધ પ્રસંગોના કારણે છોકરાઓ છોકરીઓ કરતા વધારે પ્રમાણમાં લોકોના સંપર્કમાં આવે છે. વિવિધ લોકોના આંતરક્રિયાના પ્રમાણે તેમનામાં સામાજિક વિકાસ પ્રમાણમાં વધુ જોવા મળે છે. તેથી સામાજિક સમાયોજન છોકરીઓ કરતા છોકરાઓમાં વધારે હોઈ શકે.

## ૯. તારણો

પ્રસ્તુત અધ્યયનમાં અમદાવાદ ગ્રામિણ વિસ્તારની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, તેના પરિણામોના આધારે નીચેના તારણો તારવી શકાય.

- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓના સામાજિક સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સામાજિક સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.
- ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સામાજિક સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓના સામાજિક સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

## સંદર્ભ ગ્રંથસૂચિ


- ઉચાટ, ડી. એ. (૨૦૦૯), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ: સાહિત્ય મુદ્રણાલય
- ક્રિશ્ચિયન, જેકવેલીન (૨૦૧૦), જાતિ, માતાનું શિક્ષણ અને શાળાના વિસ્તારના સંદર્ભમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમાયોજન સમસ્યાનો અભ્યાસ, અપ્રકાશિત લઘુ શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- જનસારી, અશ્વિન બદામી, હરકાંત અને ચારુલત્તા એચ. બદામી (૨૦૧૧), સામાજિક સમાયોજન સંશોધનિકા બોધપત્ર, અમદાવાદ: ભારતી મનોમાપન કેન્દ્ર
- ડોડીયા, પૂજા આર. (૨૦૦૮), નર્સિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજનનો અભ્યાસ, અપ્રકાશિત સંશોધન પેપર, ગુજરાત યનિવર્સિટી, અમદાવાદ
- ઢીલા, બી. ડી. (૨૦૦૨), મનોવિજ્ઞાન, અમદાવાદ: સમભાવ ચેરિટેબલ ટ્રસ્ટ
- તલાજીત, એન. સી. અને ત્રિવેદી એમ. ડી. (૨૦૦૯), તરૂણોમાં કૌટુંબિક સમાયોજન અંગેનો અભ્યાસ, નેશનલ સેમીનાર, સુવિનોચાર
- દલવી, ગૌતમ (૨૦૧૧), માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સિદ્ધિ અંગેની શૈક્ષણિક સિદ્ધિ અને અનુકુલના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુ શોધનિબંધ, ગુજરાત યનિવર્સિટી, અમદાવાદ
- દવે, પારૂલ સી. (૨૦૦૯), ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના આવેગાત્મક સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ, નેશનલ સેમીનાર, સુવિનેચાર
- ધનેશા, મીતા એચ. (૨૦૦૩), રાજકોટની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના સમાયોજન અંગેના મનોવૈજ્ઞાનિક તુલનાત્મક અભ્યાસ, અપ્રકાશિત સંશોધન પેપર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- પટેલ, હેતલ એ. (૨૦૦૮), અમદાવાદ શહેરની મ્યુનિસિપલ શાળા અને ખાનગી શાળાઓની તરૂણીઓના સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ, નેશનલ સેમીનાર, સુવિનેચાર
- પટેલ, આર. એસ. (૨૦૦૯), શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, અમદાવાદ: જય પબ્લિકેશન

- પાટીલ, શીતલ (૨૦૦૫), કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત સંશોધન પેપર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- મનસુરી, જી. આર. (૨૦૦૩), મનોવિજ્ઞાનનો શબ્દોકોષ, અમદાવાદઃ મયુર પ્રકાશન
- રાવલ, નટુભાઈ વી અને અન્ય (૨૦૦૯), અધ્યેતાનો વિકાસ અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા, અમદાવાદઃ નીરવ પ્રકાશન
- વાઢેર, ભૂમિકા સી. (૨૦૦૬), હોસ્ટેલમાં રહીને અને ઘરે રહીને અભ્યાસ કરતી ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીઓના આવેગિક સમાયોજન અંગનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ, અપ્રકાશિત સંશોધન પેપર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- વોરા, કલ્પેશ એમ. (૨૦૦૯), કુટુંબમાં રહેતા અને હોસ્ટેલમાં રહેતા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ, સ્ટેટલેવાલ કોન્ફરન્સ, સુવિનેચાર
- વ્યાસ, આર. એમ. અને ભરત પાઠક (૧૯૯૮), વ્યક્તિગત સમાયોજનનું મનોવિજ્ઞાન, સુરતઃ ન્યુ પોપ્યુલર પ્રકાશન
- શાહ, દિપક આર. (૧૯૯૮), વ્યક્તિગત સમાયોજનનું મનોવિજ્ઞાન, અમદાવાદઃ સી. જમનાદાસ કંપની.